અપીલ અરજી નં.૨૩૦ તા.૨૬–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી હંસાબેન કે. પરમાર
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હંસાબેન કે. પરમારની તા.૨૫–૮–૧૦ની અરજીથી ડ્રેનેજ મેઈન્ટેનન્સ વિભાગ સલાબતપુરા પમ્પીંગ સ્ટેશનમાં કામ કરતા ૮૫ દિવસવાળા ૧૭ કામદારો જે છેલ્લા ૫ થી ૭ વર્ષથી કામ કરી રહયા છે. (૧) સદર કામદારો ડ્રેનેજ સફાઈ મેઈન્ટેનન્સ કામદારોને કયા ઠરાવ પર રાખવામાં આવેલ છે તેની નકલ આપવી. (૨) વર્ષ'૨૦૦૫ થી ૧ જાન્યુઆરીથી ઓગસ્ટ–૨૦૧૦ સુધીમાં તેમને મળતા પગારની માહિતી મહિના દીઠ આપવી વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૦/૨૦૧૦–૧૧

શ્રી હંસાબેન કે. પરમારની તા.૨૫–૮–૧૦ની અરજીથી ડ્રેનેજ મેઈન્ટેનન્સ વિભાગ સલાબતપુરા પમ્પીંગ સ્ટેશનમાં કામ કરતા ૮૫ દિવસવાળા ૧૭ કામદારો જે છેલ્લા ૫ થી ૭ વર્ષથી કામ કરી રહયા છે. (૧) સદર કામદારો ડ્રેનેજ સફાઈ મેઈન્ટેનન્સ કામદારોને કયા ઠરાવ પર રાખવામાં આવેલ છે તેની નકલ આપવી. (૨) વર્ષ–'૨૦૦૫ થી ૧ જાન્યુઆરીથી ઓગસ્ટ–૨૦૧૦ સુધીમાં તેમને મળતા પગારની માહિતી મહિના દીઠ આપવી વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં સાથેં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૧ તા.૧–૧૧–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) તથા અરજદારને અરજીનાં મળેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરેલ નથી જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૧–૧૦ ના રોજ પૂરક વિગતોમાં આપેલ માહિતી અંગે પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૨૩ તા.૬–૧૦–૧૦ ના પત્રની નકલ, તથા રોજીંદા બેલદારની જુલાઈ–૦૯ થી ઓગષ્ટ– ૧૦ સુધીની હાજરી અને પગારની વિગતો આપેલ છે.

અરજદારની આઈ ડી ન.૫૮૭ તા.૨૫–૮–૧૦ ની અરજીથી ડ્રેનેજ મેઈન્ન્સ વિભાગ સલાબતપુરા પમ્પીંગ સ્ટેશન પર કામ કરતાં ૮૫ દિવસ વાળા ૧૭ કામદારો છે એ કામદારો છેલ્લા ૫ થી ૭ વર્ષથી કામ પર રહયા છે . કામદારોના નામ (૧) પ્રવિણભાઈ શંકરભાઈ હળપતિ (૨) બીજલભાઈ અરવિંદભાઈ પટેલ(૩) હિતેશભાઈ ગુલાબભાઈ પટેલ (૪) બિપીન ગાંડાભાઈ પટેલ(૫) અલ્કેશ ભરૂચભાઈ પટેલ (૬) પ્રવિણ બાલુભાઈ રાઠોડ (૭) યોગેશ ખાલપભાઈ પટેલ (૮) ભગુભાઈ ગુલાબભાઈ પટેલ (૯) નરેન્દ્ર રતિલાલ પટેલ (૧૦) જીજ્ઞેશ કંતિલાલ પટેલ (૧૧) વિગ્નેશ અર્જુનભાઈ પટેલ (૧૨) વિજય મગનભાઈ પટેલ (૧૩) બાલુભાઈ બાપુભાઈ પટેલ (૧૪) મનુભાઈ લલ્લુભાઈ તળાવીયા (૧૫) સુનિલ જયસુખભાઈ પટેલ (૧૬) જેકી દિનેશભાઈ પટેલ (૧૭) વિજય જેસીંગભાઈ પટેલ આમ ૧૭ કામદારોની મુદ્દા નં.૧ સદર કામદારો ડ્રેનેજ સફાઈ મેઈન્ટેનન્સ કામદારોને કયા ઠરાવ પર રાખવામાં આવેલ છે તેની નકલ આપવી. (૨) વર્ષ–'૨૦૦૫ થી ૧ જાન્યુઆરીથી ઓગસ્ટ–૨૦૧૦ સુધીમાં તેમને મળતા પગારની માહિતી મહિના દીઠ આપવી. (૩) આ કામદારો છેલ્લા ૫–૭ વર્ષથી ૮૫ દિવસ લેખે કામ કરે છે તે અનુભવી છે અને તેમને સુમપા સેવાસદનમાં ૧૧ ડીસેમ્બર–૦૯ માં અરજી કરેલ છે તો તેમની જગ્યાએ લેવા માટે તેમને ઈન્ટરવ્યુમાં કેમ બોલાવવામાં આવ્યા નથી? મુદ્દા નં.૪ ઉપરોકત તમામ કામદારોની જાન્યુ.૦૫ થી ઓગષ્ટ–૧૦ સુધી કેટલા દિવસ કામગીરી કરેલ છે તેની હાજરીની વિગત મહિના દીઠ આપવા બાબત. આમઅરજદારે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ડીએનજી/આ.નં.૨૩ તા.૬–૧૦–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ અને ૩ અન્ય સત્તા મંડળના અધિકારક્ષેત્રમાં આવતા હોય તેને તબદીલ કરવામાં આવેલ છે જયારે મુદ્દા નં.૨ અંગેની ડ્રેનેજ વિભાગને ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. પરંતુ કલમ ૬(૩) હેઠળ તબદીલના પત્રની નકલ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાથી રજુ કરેલ નથી. કે અરજદારને પણ પત્યુતરમાં જણાવેલ નથી. પરિણામે કયાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાની થાય તે આ તબકકે પણ સુનિશ્ચિત થઈ શકતું નથી. જેના સંદર્ભે અરજદારે મુદ્દા નં.૨ ની માહિતી અધૂરી છે અને મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી આપવામાં આવેલ નથી. તેવું જણાવી તા.૨૬–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે ડ્રેનેજ વિભાગમાં ૮૫ દિવસના ૧૭ કામદારોની માહિતી માંગેલ છે જે ડ્રેનેજ ખાતાને સ્પર્શતી માહિતી છે હાજરી અંગેની માહિતી રેકર્ડ રાખવાનો સમય તેમજ સમય બાદ જો રેકર્ડર રાખવામાં આવેલ હોય તો તેની માહિતી અન્યથા નાશ કર્યા અંગેની મંજુરી અંગેની દફતરી રેકર્ડ આધારીતી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. વધુમાં કામદાર કયા ધારાધોરણ મુજબ ફરજ બજવે છે તેની વિગતો દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. આમ અરજદારને નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી તથા મુદ્દા નં.૨ ની અધૂરી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ઉકત જણાવ્યા અનુસાર મુદ્દા નં.૧ અને ૪ તથા મુદ્દા નં.૨ અંશતઃની દફતરી ઉપલબ્ધ વિગતોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ જણાવવામાં આવે છે. મુદ્દા નં.૩ અંગે અરજદારને અપીલ તબકકે કોઈ તકરાર ઉત્પન્ન કરેલ ન હોય, તે અંગે કોઈ નિર્ણય લેવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હંસાબેન કે. પરમાર,